મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૬૮ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં સેવા કેન્દ્રોની તડામાર તૈયારીઓ

ગાંધીનગર, તા.૧૯

ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓની સંખ્યા લાખોમાં હોય છે. સમગ્ર ગુજરાતમાંથી શ્રધ્ધાળુઓ માતાજીની આરાધના અને ગુણગાન ગાતા પગપાળા જાય છે. ત્યારે રાજયના પાટનગરના રાજમાર્ગો પરથી પણ લાખો ભકતો પગપાળા પસાર થાય છે. જેને પગલે સેવાભાવી નાગરીકો દ્વારા પદયાત્રીકો માટે સેવા કેન્દ્રો શરુ કરવામાં આવે છે. જેમાં ચા-પાણી, નાસ્તો, મોબાઈલ ચાર્જીંગ, દવાઓ, જમવાની, બેસવાની, ઉંઘવાની, સ્નાન કરવાની, સહિતની સુવિધાઓ ઉપલબ્ધ હોય છે. શહેરના માર્ગો પર આગામી તા. ૨૨મી થી સેવાકેન્દ્રોનો પ્રારંભ થનાર છે. શહેરના ચ-૦ પાસે તેમજ ચ-૩ ખાતે સેવાકેન્દ્રનો પ્રારંભ થઈ જશે. ત્યારબાદ તબબકાવાર નગરના મુખ્યમાર્ગો પર વિવિધ સેવાકેન્દ્રનો શુભારંભ થશે.

બોલ મારી અંબે જય જય અંબેના જય ઘોષથી શહેરના માર્ગો આગામી મંગળવારથી ગુંજી ઉઠશે. શહેરના માર્ગો પરથી લાખો ભકતો અંબાજી પગપાળા જવા માટે પસાર થાય છે. દક્ષિણ ગુજરાત,ચરોતર પંથકના સંઘો શહેરમાંથી પસાર થાય છે. જેમ જેમ પૂનમ નજીક આવતી જશે તેમ તેમ ભાવિકોની ભીડ પણ શહેરમાં જામતી જાય છે. શહેરના માર્ગો પદયાત્રીઓથી ઉભરાય છે. સવાર સાંજ સેવા કેન્દ્રો ધમધમે છે. શહેરના પ્રવેશદ્વાર સમા ચ-૦ થી લઈને રાંધેજા ચોકડી સુધી સેવા કન્દ્રો સેવાભાવી નાગરીકો દ્વારા કરવામાં આવે છે. જેમાં ભાવિકોને નાસ્તામાં બટાકા પૌવા, ખમણ, ઢોકળા, સેવ મમરા, સેવ, ગાંઠીયા, સહિતનો સુકો નાસ્તો, લીંબુ શરબત, મીનરલ પાણી, છાશ, જમવામાં રોટલા, રોટલી, દાળ-કઢી-ભાત, મોહનથાળ, શાક,કઠોળ, સહિતનો સમાવેશ થાય છે. તો બીજીતરફ ભકતો માટે આરોગ્યલક્ષી સેવાઓ પણ માર્ગમાં ઉપલબ્ધ હોય છે. જયારે આરામ તેમજ ગરમ પાણીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે.ત્યારે શહેરના માર્ગો પર સેવાકેન્દ્રની શરુઆત થવામાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે.ત્યારે સેવાભાવી નાગરીકો દ્વારા સેવાકેન્દ્રો શરુ કરવાની તડામાર તૈયારીઓ અત્યારથી જ આરંભી દીધી છે.



રતનપુર ગામમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ડભોડા નજીક આવેલા રતનપુર ગામમાં એક મકાનની બહાર કેટલાક શખ્સો ટોળુ વળીને ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા હોવાની બાતમી ડભોડા પોલીસને મળતા પોલીસે ગઇ સાંજે દરોડો પાડી છ શખ્સોને દબોચી લીધા હતા. ખુલ્લામાં બેસીને બાજી માંડીને બેઠેલા છ શકુનીઓની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રતનપુર ગામના ખોડીયારનગર વિસ્તારમાં રહેતા છેલાજી રામાજી ઠાકોરનાં મકાનની બહાર ખુલ્લેઆમ કેટલાક શખ્સો જુગાર રમી રહ્યા હોવાની માહિતીને આધારે ડભોડા પી.એસ.આઇ ડી.બી.વાળાની ટીમે ગઇ સાંજે દરોડો પાડી જુગાર રમી રહેલા છ શખ્સોને જુગાર રમતા રંગે હાથ પકડી પાડ્યા હતા. પોલીસે દરોડો પાડીને રતનપુરનાં ગુલાબ ઉમેદ ઠાકોર, મનુ દાના ઠાકોર, અલ્પેશ જીવણ ઠાકોર, કરણ જયંતી ઠાકોર, વિપુલ ફુલા ઠાકોર અને રજનીકાંત રમણ પારઘી મળી છ શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. અંગ જડતી માથી રોકડ રૂ.૧૮૦૯ તથા દાવ પરથી રૂ.૯૦ મળીને કુલ રૂ. ૧૮૯૯નો રોકડ મુદ્દામાલ જપ્ત કરીને ડભોડા પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સોમનાથ મહાદેવ મંદિર ખાતે ગણેશ મહોત્સવ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૯

શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગરના સહયોગથી સોમનાથ મહાદેવ મંદિર સમિતિ દ્વારા આયોજીત સાર્વજનિક ગણેશ મહોત્સવ કાર્યક્રમનું આયોજન તા. ૨૫ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન રંગમંચ સામે સેકટર-૧૬ ખાતે કરવામાં આવ્યું છે.

સેકટર-૧૬ સોમનાથ મહાદેવ મંદિર ખાતે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા.૨૫ ઓગસ્ટના રોજ શ્રીજીની શોભાયાત્રા અને સ્થાપના રાત્રે ૮ કલાકે વાગે કરવામાં આવશે. ત્યારબાદ ૮.૩૦ કલાકે અભેસિંહ રાઠોડ, રાધાબેન વ્યાસ અને નટુભાઈનો ડાયરો યોજાશે. તા.૨૬ ઓગસ્ટના રોજ રાત્રે ૮.૩૦ કલાકે ભજન સંધ્યામાં કલાકાર કલ્પેશ કોઠારીકર અને સાથી કલાકાર હાજર રહેશે. તા.૨૭ ઓગસ્ટના રોજ રાત્રે ૮.૩૦ કલાકે મ્યુઝીકલ ઓરકેસ્ટા તેમજ તા.૨૮ ના રોજ અતુલ ભુપેન અને અરવિંદ શુકલ નો હાસ્ય દરબાર ભરાશે. આ ગણેશ મહોત્સવમાં દર્શન અને સાંસ્કૃતિ કાર્યક્રમ નિહાળવા શહેરની સૌ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા ગણેશ મહોત્સવ સમિતિ દ્વારા અનુરોધ કરાયો છે.

આઈ લવ માય ગાંધીનગર

માનસી મંથન ભટ્ટ

ગાંધીનગર ગમે

કુદરતી અને માનવસર્જિત સુંદરતા, હરિયાળી વધારે માત્રામાં હોવાથી અને વસતીની ગીચતા ન હોવાથી આ શહેર ગમે છે.

નગરજનો

શિક્ષિત, સંસ્કારી અને કલાપ્રેમી નગરજનો અહીં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ, ગ્રો ફાઉન્ડેશન, આર્ષ, જી ઈ ક્લબ, પેન્શનર્સ સમાજ, સાહિત્ય સભા, આત્મન ફાઉન્ડેશન, કીપ સ્માઈલિંગ ગ્રુપ જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે.

નગરને બહેતર બનાવવા

સ્વચ્છતા, શિક્ષણ અને રોજગારી બાબતે સઘન ધ્યાન અપાય તે જરૂરી છે.

નગર માટે હું કરી શકું

કલા, શિક્ષણ અને રોજગાર માટેના સઘળા ઉપક્રમો માટે મારી સહાય હું નગરને આપવા માટે તૈયાર છું.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનાં ઓડીટોરીયમ ખાતે આજે યોજાયેલા ચેક વિતરણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી

ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સી.એમ હાઉસથી સિવિલ ઓડીટોરીયમમાં મુખ્યમંત્રી તેમના કાફલા સાથે જઈ રહ્યા હતા તે દરમ્યાન તેમના રૂટમાં આવતી સે-૮ સ્થિત સેંટ ઝેવિયર્સ શાળા બહાર વાલીઓના આડેધડ પાર્ક કરેલા વાહનો નડતરરૂપ લાગતા ટ્રાફીક પોલીસ હરકતમાં આવી ગઇ હતી. ટ્રાફીક પોલીસે તમામ વાલીઓના અડચણરૂપ પાર્ક થયેલા વાહનોને શાળા સંકુલમાં મુકાવડાવી રસ્તો ક્લીયર કરાવડાવ્યો હતો.

જય અંબે પરિવાર પદયાત્રા સંઘનું ૨૭મીએ પ્રસ્થાન

ગાંધીનગર, તા.૧૯

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા સતત ૨૯મા વર્ષે અંબાજી પદયાત્રા સંઘ તા. ૨૭મી ઓગસ્ટે પ્રસ્થાન કરશે. સવારે મનોરમ્ય રથમાં મા ભગવતી જગદંબાનું પૂજન કરાશે. માતાજીની ધજાનું પૂજન મહેમાનશ્રી તથા દાતાઓ દ્વારા કરાશે તથા મહાઆરતી-થાળ ધરાવાશે તેમજ આર્શીવાદ રક્ષાસુત્ર અર્પણ થશે ત્યારબાદ ગરબા ધુનના જયઘોષ સાથે સંઘનું પ્રસ્થાન થશે.

તા. ૨૭મી બપોરે વાસન મહાદેવ સાંઈભવનમાં પ્રથમ વિસામો, તા. ૨૮મીએ ગોઝારિયા બપોરે રોકાશે તથા રાત્રે દેવીપુરામાં રાતવાસો કરશે. તા. ૨૯મીએ ધરોઈ કોલોની વિસનગર ખાતે બપોરે રોકાશે રાત્રે ઉમતામાં વિસામો કરશે. તા. ૩૦મીએ સેવા કેન્દ્ર ડભોડા (ખેરાલુ) રાત્રિ નિવાસ શાહુપુરા પ્રાથમિક શાળા ખાતે તથા તા. ૩૧મીએ બપોરે નવાવાસ પ્રાથમિક શાળા -રાત્રે શીતકેન્દ્ર દાંતા ખાતે મુકામ કરશે. તા. ૧લી સપ્ટેમ્બરે સંઘ અંબાજી પહોંચશે અને તા. ૨જી સપ્ટેમ્બરના રોજ મંદિરે ધજા અર્પણ કરીને ઉજાણી કરી પદયાત્રાળુઓ પરત ફરશે તેમ પ્રમુખ લલિતભાઈ પટેલ અને મહામંત્રી વિષ્ણુભાઈ પટેલે જણાવ્યું છે.

સિવિલ હોસ્પિટલની અધિક મુખ્ય સચિવે મુલાકાત લીધી

સ્વાઈન ફલુના દર્દીઓને આપવામાં આવતી સારવારની ચકાસણી કરી

ગાંધીનગર તા.૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે આરોગ્ય વિભાગના અધિક મુખ્ય સચિવ પુનમચંદ પરમારે રાઉન્ડ માર્યો હતો. જેને પગલે હોસ્પિટલ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. હોસ્પિટલમાં એડમીટ સ્વાઈન ફલુના દર્દીઓને આપવામાં આવતી સારવારની ચકાસણી કરી હતી અને સંતોષ વ્યકત કર્યો હતો. જ્યારે રાઉન્ડ દરમિયાન સિવિલ હોસ્પિટલમાંવિવિધ વોર્ડ અને ઓપીડી બિલ્ડીંગમાં લટકેલા જોવા મળતા અંગ્રેજી ભાષાના બોર્ડથી નારાજ થયા હતા અને બોર્ડ ગુજરાતી ભાષામાં જ લગાવવા માટે હાજર અધિકારીઓને સુચના આપી હતી. ઉપરાંત હોસ્પિટલના ઓપીડી વિભાગમાં આવેલ તમામ ડીપાર્ટમેન્ટની કેસ રજીસ્ટ્રેશનની જે સિસ્ટમ છે તે બદલવા માટે પણ ટકોર કરી હતી. જેને પગલે દર્દીઓને વારંવાર જે લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે. તેમાં ઉભા રહેવુ ના પડે. જયારે મેડીસીન વિભાગમાં દર્દીઓનો ધસારો સૌથી વધુ હોય છે. અત્યારે હાલની પરિસ્થિતિમાં પણ દર્દીઓથી મેડીસીન વોર્ડ ઉભરાય છે. જેથી મેડીસીન વોર્ડમાં વધુ દર્દીઓને સરળતાથી સારવાર મળી શકે તે માટે બેડની ક્ષમતા વધારવા સુચના આપી હતી. જયારે મેડીસીન વોર્ડમાં વધુ દર્દીઓ હોય અને અન્ય વિભાગમાં દર્દીઓની સંખ્યા નહીવત હોય છે તેવા વોર્ડમાં મેડીસીનના દર્દીઓને મોકલી સારવાર પુરી પાડવા પણ ટકોર કરી હતી. સિવિલ હોસ્પિટલમાં વાઈરલ ફીવર તેમજ સ્વાઈન ફલુના દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. તંત્રના અધિકારીઓ પણ ખડેપગે ફરજ બજાવી રહ્યા છે.ત્યારે હોસ્પિટલ વીવીઆઈપીના રાઉન્ડથી સતત ધમધમી રહી છે. હોસ્પિટલના રાઉન્ડમાં આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારી આવતા જ તંત્રમાં ચહલ પહલ વધી જાય છે.

આજે આયુર્વેદ અને હોમિયોપથી દવાખાનાઓમાં સુવર્ણપ્રાશન

ગાંધીનગર, તા.૧૯

આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્તી માટે આયુર્વેદમાં બ્રાહ્મી, શંખપુષ્પી જેવા દિવ્ય મેધાવર્ધક ઔષધો છે જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે કેમ કે પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે અને આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે.

બાળકના શરીરમાં જયાં સુધી વૃધ્ધિની સૌથી વધારે પ્રક્રિયા ચાલતી હોય ત્યાં તેને સૌથી વધારે પોષણની જરુર પડે છે આથી જો પાંચ વર્ષ સુધી બાળકને દર પુષ્ય નક્ષત્રમાં સુવર્ણપ્રાશન કરવામાં આવે તો બાળકના બળ, બુધ્ધિ અને મેધામાં વધારો થાય છે તથા શારીરિક અને માનસિક વિકાસ ઝડપી બને છે અને બાળકની રોગ પ્રતિકારક શકિત વધે છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મુલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ 'ડૉ. દવે સુવર્ણામૃત સીરપ' નામથી પુરું પાડેલ છે. આજે તા. ૨૦મી ઓગસ્ટના રવિવારે સવારે ૧૦થી ૧૨ કલાક સુધીમાં બાળકોને સુવર્ણપ્રાશનના ટીંપા જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપથી દવાખાનાઓમાં પીવડાવવામાં આવશે તો જિલ્લાના મહત્તમ બાળકો તેનો લાભ લે તેમ જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. ભાવનાબેન પટેલે જણાવ્યું છે.

ગુપ્તા સ્પોર્ટસ અને જાગૃત વસાહત ફોરમ દ્વારા ધ્વજવંદન કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર, તા.૧૯

ગુપ્તા સ્પોર્ટસ ઈન્ડસ્ટ્રીઝ અને

જાગૃત વસાહત ફોરમના ઉપક્રમે સે-૧૪માં ધ્વજવંદનના સુંદર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભકિતના શૌર્યગીતની રમઝટ બોલાવવામાં આવી હતી. રંગબેરંગી ત્રિરંગી ફુગ્ગા અને ત્રિરંગા ધ્વજોથી સુંદર સજાવટ કરવામાં આવી હતી.

ઉમેશ ગુપ્તાજી નિવૃત્ત ફલાઈંગ ઓફિસરના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ધ્વજવંદનની સાથે ફાયરબ્રિગેડના અનિરૂદ્ધસિંહ ગઢવી દ્વારા બાળકોને પરેડ કરાવવામાં આવી હતી તેમજ નીમેષ ચૌહાણનું રકતદાન કરવા બદલ સન્માન જાણીતા સાહિત્યકાર ગુલાબચંદ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમમાં સે-૧૩ના લોકકલાકાર અમૃતભાઈ રાવલ અને લાલસિંહ સોલંકી પણ ઉપસ્થિત રહ્યા હતા ધ્વજવંદનના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વસાહતીઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાજીવ ગુપ્તા અને ઉષાબહેન ચૌહાણે કર્યુંહતું. ધ્વજવંદન બાદ રમતગમતની સ્પર્ધાઓ તેમજ અલ્પાહારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વીર શહિદોને પણ શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. આભારવિધિ જાગૃત વસાહત ફોરમના કન્વીનર મહેન્દ્રભાઈ ચૌહાણે કરી હતી.

@ગાંધીનગર

● સે-૨૩ બ્રહ્મસમાજ દ્વારા શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના પ્રદિપભાઈ દવે, બ્લોક નં. ૧૦૪, દેવગ્રીન ફલેટ, પેથાપુર ખાતે યોજાશે.

● રામધામ વાવોલ ખાતે શ્રી દ્વાદશ જયોર્તિલીંગ કથા રામેશ્વર ઘૃશ્મેશ્વર યોજાશે.

● શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સે-૨૬ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ રાત્રિના ૯ થી ૧૦ કલાક દરમિયાન દેવેન્દ્રસિંહ ચાવડા, પ્લોટ નં. કે-૧૫૯ ન્યુગ્રીન સીટી ખાતે યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ જયેશભાઈ દવે, ૪૯, રોટલ-૨ બંગ્લોઝ, ગુડાની પાણીની ટાંકી પાસે, વાવોલ ખાતે યોજાશે.

● સે-૨૨ જૈન દેરાસર ખાતે સવારે ૮.૩૦ કલાકે અષ્ટાન્હિકા પ્રવચન યોજાશે.

● ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા એક દિવસીય પ્રવાસ પોલો ફોરેસ્ટ વિજયનગર ખાતે યોજાશે.

● જલારામ સેવા સમાજ દ્વારા ધો-૧ થી ૧૨ અને સ્નાતક અનુસ્નાતક કક્ષાના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદ્યા પુરસ્કારથી બપોરે ૨.૩૦ કલાકે જલારામધામ, સે-૨૯ ખાતે સન્માનવામાં આવશે.

● સંસ્કાર ગ્રુપ દ્વારા સે-૭ બગીચા ખાતે સાંજે ૬.૩૦ કલાકે રમતગમત, વાંચન, વૃક્ષની જાળવણી તેમજ સામાન્ય જ્ઞાન પર ચર્ચા વિચારણા કરવામાં આવશે.

● રૂદ્રાભિષેક મંડળના ઉપક્રમે પાઠાત્મક લઘુરૂદ્ર સવારે ૮.૩૦ કલાકે પ્લોટ નં. ૧૧૧૫/૧, સે-૨-ડી મહેન્દ્રભાઈ શુકલના નિવાસસ્થાને યોજાશે.

● સે-૪ વસાહત મંડળની બેઠક રાત્રે ૮.૦૦ કલાકે પ્લોટ નં. ૧૮૧/૧, ૪-એ, ગ-૧ પાસે વસાહત મંડળના પ્રમુખના નિવાસસ્થાને યોજાશે. જેમાં સર્વે વસાહતીઓએ હાજર રહેવું.

● જીવ કલ્યાણ સંસ્થા ગાંધીનગરની માસિક સામાન્યસભા સાંજે ૫.૦૦ કલાકે સે-૨૨ પંચદેવ મંદિર યજ્ઞખંડમાં યોજાશે.

● શહેરના ઘ-૨ કડીયાનાકા સ્થિત શ્રમિક અન્નપૂર્ણા ભોજન વિતરણ કેન્દ્રની કેન્દ્રીય રાજયમંત્રી મનસુખભાઈ માંડવીયા સવારે ૮.૦૦ કલાકે મુલાકાત કરશે.

● સે-૨૨ સાર્વજનિક ગણેશ મહોત્સવ સમિતિની પત્રકાર પરિષદ બપોરે ૧.૦૦ કલાકે સરકીટ હાઉસ ખાતે યોજાશે.

હવે શહેરમાં મળશે ગણેશજીની ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ

સે-૧૬માં યુવાન વિજય મકવાણા અને તેની બહેન પાયલ મકવાણા ગણપતિની મનોરમ્ય ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ બનાવી રહ્યા છે

ગાંધીનગર, તા.૧૯

એક તરફ પવિત્ર શ્રાવણ માસ તેના આખરી તબક્કામાં છે જયારે બીજી તરફ ગણેશ ઉત્સવની તૈયારીઓ શહેરમાં પ્રારંભ થઈ જવા પામી છે. આગામી ગણેશોત્સવને ધ્યાનમાં રાખીને શહેરના શ્રધ્ધાળુઓ તથા ગણપતિ ઉત્સવના આયોજકો ઉલ્લાસભેર ઉત્સવ ઉજવવાની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે. દર વર્ષે પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓના કારણે નદી-નાળા સહિત પર્યાવરણને નુકશાન થતું હોવાની રાવ ઉઠવા પામે છે તે જોતા આ વર્ષે શહેરમાં ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ માટેની માંગ જોવા મળી રહી છે. પરંતુ આ પ્રકારની મૂર્તિ કયાંથી મળશે તે બાબતે અવઢવમાં મુકાયેલા શ્રધ્ધાળુઓ માટે સે-૧૬માં એક યુવાન ભાઈ-બહેનની જોડી આશાનું કિરણ સાબિત થાય તેમ છે.

પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓ અને તેના પર વપરાતા કેમિકલયુકત રંગો પર્યાવરણ તથા જળચરજીવો માટે અત્યંત ઘાતક સાબિત થાય છે. આ મૂર્તિઓ વિસર્જન બાદ ઓગળતી ના હોવાને કારણે મૂર્તિઓ આખું વર્ષ દયનીય હાલતમાં જોવા મળે છે. જે ગણેશજીના ભકતોની લાગણીને ઠેસ પહોંચાડે છે. વળી, કેટલાક લેભાગુ તત્વો વિસર્જીત કરાયેલી મૂર્તિઓને એકત્ર કરી બીજા વર્ષે ફરી રંગરોગાન સાથે વેચી શ્રધ્ધાળુઓની ભકિત ભાવના સાથે રમત કરે છે. આ સંજોગોમાં હવે પાણીમાં ઓગળી જાય તેવી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિઓ વાપરવા માટે જાગૃતિ વધતી જાય છે પરંતુ આ મૂર્તિઓ કયાંથી મળશે તે બાબતે ઘણી અવઢવ જોવા મળી રહી છે.

આ સંજોગોમાં ગાંધીનગરના સે-૧૬માં છ ટાઈપ સરકારી આવાસમાં બ્લોક નં. ૧૩/૨માં રહેતા યુવાન વિજય મકવાણા અને તેની બહેન પાયલ મકવાણા આશાનું કિરણ બન્યા છે. વિજય મકવાણા નાનપણથી પેઈન્ટિંગ વગરેનો શોખ ધરાવે છે અને હાલ તેઓ સમર્પણ કોલેજ ખાતે વાણિજય શાખામાં બીજા વર્ષમાં અભ્યાસ કરી રહ્યા છે. જયારે પાયલ મકવાણા સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી રહ્યા છે. બે ત્રણ વર્ષથી વિજયે પોતાના ઘર માટે ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવવાનું ચાલુ કર્યું હતું અને ગત વર્ષે તેઓ સે-૨૦માં રહેતા હતા ત્યારે તેમના ચોકઠામાં ઉજવાતા ગણપતિ ઉત્સવ માટે આશરે આઠ ફુટ ઉંચી ઈકો-ફ્રેન્ડલી મૂર્તિ બનાવી આપી હતી.

વિજય જે મૂર્તિ બનાવે છે તેને શણગારવાનું કામ તેની બહેન પાયલ કરે છે. બંને ભાઈ બહેન મળીને એક ફુટથી માંડીને ત્રણેક ફુટની દરરોજની ત્રણ મૂર્તિઓ બનાવી શકે છે. તેઓ આ મૂર્તિઓ બીબા વગર હાથેથી જ બનાવે છે અને આ મૂર્તિઓ માટીમાંથી બનેલી હોવાથી તુરંત ઓગળી જવાનો દાવો કરે છે. વળી, મૂર્તિ પર વોટર કલરથી જ રંગકામ કરાય છે જે ઝડપથી ધોવાઈ જાય છે. શહેરની યુવા ભાઈ-બહેનની જોડી તેમની આ રચના ભકિતથી એક નવી રાહ ચીંધી રહ્યા છે.

ઈકો-ફ્રેન્ડલી ગણપતિ શેમાંથી બને છે?

વિજય તથા પાયલ ઈકો-ફ્રેન્ડલી ગણેશની મૂર્તિ બનાવવા કાંપની કોરી માટે જેને 'શાડુ' કહેવાય છે અથવા ચીકણી માટી તરીકે પણ ઓળખાય છે તેનો ઉપયોગ કરે છે. વળી આ સાથે તેઓ પેપર નેપકીન, ઘાસ, લાકડું વગેરે અને વૉટર કલરનો ઉપયોગ કરે છે. આ મૂર્તિમાં સુકાતા તિરાડ પડતી હોય છે જેને ગુંદર દ્વારા સાંધી શકાય છે.

વાતવાતમાં

● ઘ-૬ નજીકથી શટલિયા રીક્ષામાં બેઠેલી એક શિક્ષિકાનું ઘ-૪ સર્કલ નજીક તેમના મોટા પર્સમાં રાખેલું નાનું પર્સ જેમાં આશરે ચારેક હજાર રોકડા અને ઓરિજીનલ ડ્રાઈવીંગ લાયસન્સ વગેરે હતું તે ચોરાઈ જવા પામ્યું હતું. આ પર્સ ચોરાયાની જાણ થતા શિક્ષિકાએ ભારે હોબાળો મચાવ્યો હતો અને તેમની સાથે મુસાફરી કરી રહેલ અન્ય બે મહિલાઓ પર શંકા વ્યકત કરી હતી પરંતુ તેમનું પર્સ મળી શકયું નહોતું.

ચિરવિદાય

- સ્વ. ઠાકોર રામજીભાઈ જીવાભાઈ, ઉ.વ. ૪૩
- સ્વ. શાંતાબેન જેઠાભાઈ જાદવ, ઉ.વ. ૮૫
- સ્વ. ધ્રુવિકાબેન કૌશલકુમાર ટેલર, ઉ.વ. ૨૫